ડ

<u>અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની વિદેશ અભ્યાસ માટેની ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના માટે ઈ-સમાજ કલ્યાણ પોર્ટલની મુદત નિયત કરવા બાબત.</u>

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજાક/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૬/૨૦૨૧

<u>વંચાણે લીધા:</u>

(૧) આ વિભાગનો તા.૨૭/૦૮/૨૦૧૪નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની તા.૦૫/૦૫/૫૨૦૨૧ની સીંગલ ફાઈલ ક:અજાક/ગ-૧/3/વિ.લોન/૨૦૨૧-૨૨થી કરવામાં આવેલ દરખાસ્ત.

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના આ વિભાગના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે જવા લોન આપવાની "ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશિપ લોન યોજના" અમલમાં છે. સદરહુ યોજના અંતર્ગત હાલમાં વિદ્યાર્થી દીઠ રૂ.૧૫.૦૦ લાખની લોન વાર્ષિક ૪% વ્યાજના દરે આપવામાં આવે છે. સદરહુ યોજના હેઠળ હાલમાં વિદ્યાર્થીઓ પાસેથી ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ ઉપર અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવે છે. પોર્ટલ ઉપર મળેલ અરજીઓ પૈકી પાત્રતા ધરાવતી અરજીઓ મંજૂર કરવામાં આવે છે.

સદરહુ યોજના અંતર્ગત ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ ઉપર અરજીઓ ઓનલાઈન મેળવવા માટે પોર્ટલ વર્ષ દરમ્યાન અંદાજે બે થી ત્રણ માસ માટે ચાલુ રાખવામાં આવતુ હતુ. પોર્ટલ સળંગ ચાલુ રાખવા માટે સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ વિવિધ સંસ્થાઓ મારફત રજૂઆતો મળેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ઉપરની સીંગલ ફાઈલ સીસ્ટમથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની પડતર રહેલ અરજીઓ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં મંજૂર કરવા તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં પોર્ટલ ચાલુ કરવાની મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ખાતા હસ્તકની ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મેળવવા માટેનું ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ આખું વર્ષ ચાલુ રાખવાનું નીચેની શરતોને આધીન આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજનાના પોર્ટલ ઉપર દર વર્ષે મંજૂર કરવામાં આવેલ બજેટ સીલીંગ દર્શાવવાની રહેશે.

(૨) સદરહુ યોજના અંતર્ગત વર્ષના અંતે ગ્રાન્ટ / રકમ ખુટે તો RA / RE થી મેળવવાની રહેશે. તેમ છતાં પાત્રતા ધરાવતી અરજીઓ બાકી રહેતી હોય તો આગામી વર્ષે કેરી ફોરવર્ડ કરવાની રહેશે.

(૩) જે વિદ્યાર્થીઓ સમયમર્યાદામાં સદરહુ યોજના હેઠળ અરજી કરી પુરતા પુરાવા રજુ કરી વિદેશ અભ્યાસ માટે ગયા હોય અથવા પ્રવેશ મેળવી અભ્યાસ ચાલુ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પુરતી સદરહુ યોજનાનો લાભ તેઓને મળે તે માટે વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં પડતર અરજીઓને કેરી ફોરવર્ડ કરવાની રહેશે.

સદરહું ઠરાવ સમાન ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી /નાયબ સચિવશ્રી / ઉપ સચિવશ્રી (અજાક / વિજાક/ સ.સુ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ૪/૩,ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧